મહેસાણા શહેરમાં સમર્પણ ગ્રુપ ઓફ મહેસાણા દ્વારા નવરાત્રી પર્વે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં ટ્રેડીશનલ વસ્ત્રોમાં સજ્જ થઈ યુવા હૈયાઓ ગરબે ઘુમતા નજરે પડે છે.

આખરે મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓની માંગણીઓનો ઉકેલ આવશે

મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કર્મચારીઓને માંગણીઓના ઉકેલની મૌખિક ખાત્રી આપતા કર્મચારીઓમાં ખુશીની લ્હેર પ્રસરી ગઈ

ગાંધીનગર, તા.૪

રાજયમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ કામ કરતા હજજારો કર્મચારીઓની વિવિધ માંગણીઓ છેલ્લા કેટલાક સમયથી પેન્ડીંગ હતી. જેમાં લઘુતમ વેતન આપી કાયમી કરવા, એન.જી.ઓ.રદ કરવી તેમજ વયમર્યાદા ૫૮ ને બદલે ૬૦ વર્ષ કરવા કર્મચારીઓ અનેકવાર રજુઆત કરી હોવા છતા યોગ્ય ઉકેલ આવતો નહોતો ત્યારે મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાં સાથે મધ્યાહન ભોજન યોજના કર્મચારી મંડળની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં કર્મચારીઓએ પોતાની વર્ષોજુની માંગણીઓની રજુઆત કરી હતી. આ માંગણીઓના ઉકેલ માટે મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ મૌખિક ખાતરી આપતા કર્મચારીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે.

ગુજરાત મધ્યાહન ભોજન યોજના કર્મચારી મંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે કર્મચારીઓની વિવિધ માંગણીઓ અંગે ગાંધી ચિંધ્યા માર્ગે શાંત અને અહિંસક આંદોલનના ભાગરુપે તાજેતરમાં મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ સરકારી તંત્રની મધ્યસ્થીથી ટુંક સમયમાં માંગણીઓનું નિરાકરણ આવશે અને આ અંગે સરકાર હકારાત્મક વલણ દાખવે છે તેવું જણાવતા રેલીનું આયોજન રદ કરી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ ગત તા-૩ ના રોજ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ રાજય કક્ષાના મંત્રી બચુભાઈ ખાબડ સાથે બેઠક યોજાઈ હતી જેમાં મધ્યાહન ભોજનના કર્મચારીઓની પડતર માંગણીઓ રજુ કરી હતી. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉપરોકત તમામ માંગણીઓ ટુંકા સમયમાં સ્વીકારવાની મૌખિક ખાતરી આપી હતી. જેન પગલે મધ્યાહન ભોજન યોજના હેઠળ કામ કરતા કર્મચારીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતુંઅને દિવાળી પહેલા દિવાળી જેવો માહોલ તેઓના ઘરમાં છવાયો હતો.

સચિવાલય ગેટ નં. ૧ સામે મહિલાનો આત્મ વિલોપનનો પ્રયાસ

ગાંધીનગર, તા.૪

રાજકોટના ધોરાજી ગામે ગુલઝાર પાર્ક ખાતે રહેતી મહિલાએ પાંચ દિકરીઓ સાથે ગાંધીનગર સચિવાલય ગેટ નં. ૧ સામે કેરોસીન છાંટી આત્મ વિલોપનનો પ્રયાસ કર્યો હતો. મહિલાને આત્મવિલોપન કરતી રોકી તેની અટકાયત કરી હતી અને તેની સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટના ધોરાજી તાલુકાના ધોરાજી ગામે નસરીનબેન મકસુદ ગુલઝાર પતિ અને પાંચ દિકરીના પરિવાર સાથે રહે છે. નસરીનબેનના પતિ સામે પોલીસમાં ગુનો નોધાયો છે જેમાં તે ફરાર છે. ત્યારે પતિને ખોટા કેસોમાં પોલીસે ફસાવી તેની સામે કાર્યવાહી હાથ ધરી છે જે ખોટી છે. આ મામલે ન્યાય મેળવવા મહિલા પોતાની પાંચ દિકરી સાથે ધોરાજીથી ગાંધીનગર સચિવાલય ખાતે આવી પહોંચી હતી અને સચિવાલય ગેટ નં. ૧ સામે આવી પોતાની સાથે લાવેલું કેરોસીન શરીર પર છાંટી આત્મવિલોપન કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે સચિવાલયની સુરક્ષામાં હાજર પોલીસ જવાનો તુરંત મહિલા પાસે દોડી આવ્યા હતા અને મહિલાને આત્મવિલોપન કરતા અટકાવી લીધી હતી.

પોલીસે આ મામલે મહિલાની અટકાયત કરી હતી અને સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરી હતી જેથી સે-૭ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મહાત્મા ગાંધી સ્વચ્છ મિશન અંતર્ગત ગામડાઓને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા માટે સ્વચ્છતા જનજાગૃતિ અને સ્વચ્છતા સમરસતા સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના મુખ્ય માર્ગો અને મુખ્ય ચોકની સફાઈ કરવામાં આવી હતી. જેમાં ગામના સરપંચ સવાજી ઠાકોર, અગ્રણી આગવાનો અને ગામના સફાઈકારો મોટી સંખ્યામાં જોડાયા હતા.

વડોદરા ખાતે ગરીબી નિવારણ અંગે કાનૂની શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૪

જિલ્લાના વડોદરા ખાતે ૨જી ઓક્ટોબર મહાત્મા ગાંધી જન્મ દિવસ નિમિત્તે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે વડોદરાના સોનબાઈ માતાના મંદિરે કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગરીબી નિવારણ અંગે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારના અમલીકરણ માટે મુકવામાં આવેલી સ્કીમનો લાભ અંગે માહિતી આપવામાં આવી હતી.

આ શિબિરમાં વડોદરાના જિલ્લા પંચાયતના સદસ્ય દિનાજી ઠાકોર, પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ ધુળાજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પી.એલ.વી. સીતારામભાઈ પટેલ, નટુભાઈ પટેલ, રાજુભાઈ ગજજર તથા રામભાઈ પરમારે ગરીબી નિવારણ અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપ્યુ હતુ. આ પ્રસંગે ગામજનો તથા આંગણવાડીની બહેનો મોટી સંખ્યામાં હાજર રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન રાજુભાઈ ગજજરે કર્યુ હતુ.

રક્ષાશકિત યુનિવર્સિટીના મહિલા વિકાસ વિભાગ દ્વારા મહિલા કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૪

રક્ષા શકિતના વુમન ડેવલોપમેન્ટ સેલ દ્વારા મહિલા સંબધિત કાયદાકીય જાગૃતિ શિબિરનું આયોજન સવારે ૧૦ થી સાંજના ૫ કલાક દરમિયાન ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મહિલા સુરક્ષા, સમાજ અને કાયદો વિષય પર આયોજીત વ્યાખ્યાનમાં જાણીતા તજજ્ઞ મહિલાઓએ તાલીમાર્થીઓને સવિસ્તાર માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. જયારે દિવસ દરમ્યાન આયોજીત શિબિરમાં મોટીસંખ્યામાં તાલીમાર્થીઓ, મહિલાઓ સહિત મોટીસંખ્યામાં નાગરીકો હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે રક્ષા શકિત યુનિવર્સિટી દ્વારા મહિલા કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં અતિથી વિશેષ તરીકે ગુ.રા.મ.આયોગના લીલાબેન અંકાલા, યુનિવર્સિટીના મહાનિયામક વિકાસ સહાય, ડીવાયએસપી કાનન દેસાઈ, એસ.પી. મહિલા કાઈમ બ્રાંચના પન્નાબેન મોમાયા, ધારાશાસ્ત્રી હાઈકોર્ટના મેઘાબેન ચીતલીયા, ડો. કલા શાહ, સહિતના મહેમાનોના હસ્તે દિપપ્રાગટય કરી શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટી તરફથી મહેમાનોનું પુષ્પગુંચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુજરાત રાજય મહિલા આયોગના અધ્યક્ષ લીલાબેન અંકાલાએ ઉપસ્થિત તાલીમાર્થીઓ તેમજ નાગરીકોને સમાજમાં મહિલાઓને પ્રાધાન્ય અપાય તેમજ તેમણે લગતા કાયદાઓના યોગ્ય અમલ તેમજ પાલન અંગેની સમજ અંગેની વિસ્તૃત સમજ આપી હતી.

મહિલા સુરક્ષા, સમાજ અને કાયદો વિષય પર જાણીતી તજજ્ઞ મહિલાઓએ તાલીમાર્થીઓને માર્ગદર્શન અને માહિતી પુરી પાડી

હિન્દુ મેરેજ એકટ, બાળલગ્ન કાયદો, ભરણ-પોષણ અંગેના કાયદા પર ડીવાયએસપી કાનન દેસાઈએ વિગતવાર માહિતી પુરી પાડી હતી. જયારે બપોર બાદના સેશનમાં સમાજમાં સ્ત્રીઓની સલામતી તેમજ તે અંગે પોલીસ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવતી કામગીરી અંગે મહિલા કાઈમબાંચના એસપી પન્નાબેન મોમાયાએ તાલિમાર્થીઓને વિગતવાર સમજણ આપી હતી. જયારે લગ્ન વિચ્છેદના કાયદાઓ અંગે સવિસ્તાર હાઈકોર્ટના ધારાશાસ્ત્રી મેઘાબેન ચીતલીયાએ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. તેમજ ડો.કલા શાહે મહિલાઓને આરોગ્યલક્ષી વિગત પુરી પાડી હતી. મહિલા કાનૂની શિબિરનું સમાપન સાંજે થઈ ગયું હતું. કાર્યક્રમમાં મહેમાનોની આભારવિધી ડો. પ્રિયંકા શર્માએ કરી હતી જયારે કાર્યક્રમને સફળ બનાવવા સંયોજક ડો. ડિમ્પલ રાવલે ભારે જહેમત ઉઠાવી હતી.

સત્યાગ્રહ છાવણીના દલિત પરિવારો સરકાર સામે મોરચો માંડશે

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે વિવિધ ગામના દલિત પરિવારો છેલ્લા ઘણા સમયથી ધરણા પર બેઠા છે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે છેલ્લા ઘણા દિવસથી દલિત સમાજના વિવિધ ગામના પિડિત પરિવારો ન્યાય માટે ધરણા પર બેઠા છે. આ પિડીત પરિવારોની ન્યાય અંગેની માંગણી સરકારી તંત્ર સુધી પહોંચી નથી. ટુંક સમયમાં યોગ્ય નિરાકરણ નહીં આવે તો સરકાર સામે ઉગ્ર આંદોલન કરવાની ચિમકી દલિત પરિવારોએ ઉચ્ચારી છે.આ પિડિત પરિવારો ટુંક સમયમાં રાજયના મહામહીમ રાજયપાલ ઓ.પી. કોહલીને મળીને પોતાની રજુઆત કરશે.

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિરોધ સંસ્થાના નેજા હેઠળ વિવિધ ગામના દલિત પિડીતોના આગેવાન રાજુલાના વતની કિશોરભાઈ ધાબડાના ઉપવાસનો આજે પાંચમો દિવસ છે. સરકાર તરફથી હજુ સુધી કોઈ ન્યાયની આશા બંધાઈ નથી કે તંત્રના પેટનું પાણી પણ હલતું નથી. ગુજરાત સરકાર અત્યારે વિવિધ ઉજવણીઓમાં વ્યસ્ત અને મસ્ત રહે છે. સરકાર પાસે વંચિતોના વિકાસ માટે તેમજ પિડિતોના પ્રશ્નો ઉકેલીને તેમને ન્યાય અપાવવાનો સમય નથી. ત્યારે દલિત આગેવાન રાજુભાઈ સોલંકીએ જણાવ્યું છે કે આગામી ટુંક સમયમાં રાજયના મહામહીમ રાજયપાલ ઓ.પરી.કોહલીને મળીને પોતાના પ્રશ્નોની રજુઆત કરવામાં આવશે તેમજ ન્યાય ઝંખતા પિડિતોની વ્યથાનો ઉકેલ સત્વરે નહી લાવે તો સરકાર સામે ઉગ્ર લડતનો મોરચો મંડાશે. પિડિત પરિવારો દ્વારા વિવિધ જલદ કાર્યક્રમો આપી સરકાર સામે વિરોધ નોંધાવવામાં આવશે.

ગાંધીનગર ખાતે અનુસૂચિત જાતિ માટે એસસીએસપી યોજના

ગાંધીનગર, તા. ૪

રાષ્ટ્રીય સ્તરે સંસ્થાન નેશનલ ફોરમ ફોર એસસીપી અને ટીએસપી તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે અનુ. જાતિઓ માટેની એસીએસપી યોજના, અનુ.જન. જાતિઓ માટેની ટીએસપી યોજના અને એનટી/ડીએનટી માટેની યોજના વિષયકના રાજય સ્તરીય પરિવસંવાદનું આયોજન સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ પરિવસંવાદને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી આત્મારામભાઈ પરમારના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાર્દુલ રાજપાલે કર્યું હતું. આભારવિધિ અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમના પ્રવિણ શ્રીમાળી કરી હતી.

આ પ્રસંગે આંધ્રપ્રદેશના નિવૃત્ત આઈ.એ.એસ પી. એસ. કિષ્ણન, અતિ પછાત જાતિ વિકાસ નિગમના ચેરમેન પ્રવિણભાઈ પંડયા, સફાઈ કામદાર વિકાસ નિગમના ચેરમેન દર્શનાબહેન વાઘેલા અને વાઈસ ચેરમેન સુરેશભાઈ મકવાણા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્રસિચવ કમલ દયાની અને નાયબ સચિવ કે.ડી. કાપડિયા સહિત મોટી સંખ્યામાં રાજયના તમામ જિલ્લાના સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

ઊભાં રહી જાય.

ઉનાળાની ગરમી તને બહુ સતાયે ત્યારે કુવારા નીચે ન્હાવાની કેટલમાં છબછબીયાં કરવાની તને બહુ મજા પડી. ન્હાઈને બહાર આવી તું તારા કેશ ઝટકે ત્યારે સૂર્યકિરણો જળ શિકરોમાંથી પસાર થતાં અવનવાં મેઘધનુષી રંગોને વિખરાતા જોયાં છે અમે.

હાં, ચોમાસામાં તને વોકિંગમાં બહુ મુશ્કેલી પડતી. ચોખલી કરીને ! તેથી, પાણીના ખાબોચીયાં ટાળતી કાદવથી પોતાની જાતને બચાવતી લચકાતી ચાલે તને ચાલતી જૂએ તો આફરીન પોકારી જાય.

તું બહુ થોડી બિમાર રહી - સારવાર છતાં તારો વ્યાધી મટ્યો નહીં ને તું છેવટે અમને છોડીને અનંતના માર્ગે ચાલી નીકળી.

તું હવે નથી એ વાત હૈયું માનવ તૈયાર નથી. લ્યુસી તું શ્વાનના અળતારે અમારો શ્વાસ હતી એવું આજે લાગે છે. ત્યારે બહુ મુંઝારો થાય છે અને તને યાદ કરતાં આંખો વરસી પડે છે.

કડીરૂપ ભૂમિકા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓફિસર અને પંચાયતમાં તલાટીનું એક સરખુ મહત્વ ધરાવે છે. દેસાઈએ જણાવ્યુ હતુ કે ગ્રામીણ વિસ્તારમાં આડેધડ દબાણો ઉભા થતા હોવાની ફરિયાદો વધી રહી છે તેને અત્યારથી જ નિયંત્રિત કરવાની કામગીરી કરી સુઆયોજિત વિકાસ પર તલાટી ધ્યાન આપે તો ગ્રામ વિકાસની કામગીરીમાં નવો વેગ આવશે તેમાં કોઈ શંકા નથી. આજની બેઠકમાં પંચાયતની વિવિધ શાખાઓ અધિકારીઓ અને તલાટીઓને સાથે મળી લક્ષ્યાંક સાથે વિકાસનો નવો રોડમેપ તૈયાર કરવાની પ્રાથમિક કવાયત કરી હતી.

રેપો રેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સભ્યોએ એકમતથી વ્યાજદરમાં ઘટાડાનો નિર્ણય કર્યો હતો. રસપ્રદ બાબત એ છે કે, હવે લોનમાં પણ ફેરફાર થઈ શકે છે.

બીજી બાજુ બેંક લોનને લઈને છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. નવા દર હેઠળ રિવર્સ રેપોરેટ હવે ૫.૭૫ ટકા અને માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલીટી રેટ તથા બેંક રેટ ૬.૭૫ ટકા રહેશે. રિવર્સ રેપોરેટમાં ફેરફાર કરાશે કે કેમ તેને લઈને પણ ચર્ચા ચાલી હતી. આ અગાઉ મોટાભાગના બેંકરોએ કહ્યું હતું કે, મોનિટરી પોલિસી રિવ્યુમાં ૦.૨૫ ટકાનો ઘટાડો થઈ શકે છે. ઓગસ્ટ મહિનામાં રિટેલ ફુગાવો ૫.૦૫ ટકા હતો જે છ મહિનામાં સૌથી ઓછો હતો. રિઝર્વ બેંક આ ડેટાના આધાર પર વ્યાજદરના સંદર્ભમાં નિર્ણય કરે છે. હાલમાં જ દેશે આગામી પાંચ વર્ષ માટે ચાર ટકા મોંઘવારીનો દર નક્કી કર્યો હતો. ૨૦૨૧ સુધી તેની મેક્સિમમ લીમીટ ચાર ટકા અને મિનિમમ લિમીટ બે ટકા નક્કી કરવામાં આવી હતી. આ કમિટિમાં આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલ સહિત છ સભ્યો રહેલા છે. કેટલીક મહત્વની બાબતો રહેલી છે. રિટેલ ફુગાવો માર્ચ ૨૦૧૭ સુધી પાંચ ટકા રહેવાનો અંદાજ છે. તેનાથી ઉંચો રહેવાનો પણ અંદાજ રહેલો છે. ચાલુ નાણાંકીય વર્ષ માટે જીડીપી વૃદ્ધિદર ૭.૬ ટકા રહ્યો છે. એનપીસીના નિર્ણય નાણાંકીય નીતિ સમીક્ષામાં હળવા વલણનો સંકેત આપે છે.

જોડાણ નહિ કરે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાફ શબ્દોમાં કહી ચુક્યા છે કે સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ અને અન્ય પક્ષો સાથે વર્તમાન સંજોગોમાં જોડાણ કરવાની કોઈ શક્યતા નથી. તેમણે કહ્યુ હતુ કે અખિલેશ યાદવના શાસનમાં ગુન્ડારાજની ગતિવિધી સતત વધી રહી છે. જ્યારે ભાજપે દંગારાજને પ્રોત્સાહન આપવામાં કોઈ કામ બાકી રાખ્યુ નથી. કોમવાદી એજન્ડા પર આધારિત રાજકીય હિંસા વધારે ખતરનાક છે.

ભાજપ અને સમાજવાદી પાર્ટી સામે ફરીએકવાર શાસનવિરોધી પરિબળોના કારણે બહુજન સમાજ પાર્ટીની શાનદાર જીત થશે. તેમણે કહ્યુ હતુ કે ઉત્તરપ્રદેશમાં રાજકીય ચિત્ર બિહાર કરતા બિલકુલ અલગ છે. જેથી ઉત્તરપ્રદેશમાં કોઈ પણ પક્ષો સાથે જોડાણ કરવાનો કોઈ પ્રશ્ન જ નથી. બહુજન સમાજ પાર્ટીની યોજના સંબંધમાં અન્ય પક્ષોએ હજુ સુધી તેમની પ્રતિક્રિયા આપી નથી.પરંતુ આને લઈને રાજકીય ગરમી વધી ગઈ છે.

વિમાન દેખાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી રહી છે. જેથી આતંકવાદ ભારતમાં ઘુસણખોરી કરવા માટે સફળ ન થઈ શકે. બીએસએફના મહાનિર્દેશકે કહ્યું છે કે, ચોક્કસરીતે પશ્ચિમી સરહદ ઉપર સંપૂર્ણ સુરક્ષા રાખવામાં આવી રહી છે. સુરક્ષા દળો હાલમાં એલર્ટ ઉપર છે. પશ્ચિમી સરહદ ઉપર તંગદિલીપૂર્ણ સ્થિતિ રહેલી છે. અંકુશ રેખા ઉપર સતત ગોળીબાર પણ થઈ રહ્યો છે. માનવ રહિત વિમાનો સરહદની ૧૦૦ મીટરની અંદર જોવા મળી ચુક્યા છે. પાકિસ્તાની સુરક્ષા દળો ભારતની તૈયારી અંગે માહિતી મેળવવા પ્રયાસ કરી રહ્યા છે. જમ્મુ, પંજાબ, રાજસ્થાન, ગુજરાતમાં પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ આવેલી છે. આ વિસ્તારોમાં હજુ સુધી યુદ્ધ વિરામ ભંગના કોઈ બનાવ બન્યા નથી.

બીએસએફનું કહેવું છે કે, સરહદ ઉપર આવેલા ગામોને ખાલી કરવાના આદેશ જારી કરાયા નથી. ભારતીય ખેડૂતોને તેમના ખેત સુધી જવા દેવાની મંજુરી પણ આપી રહ્યા છે પરંતુ કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળવા પગલા લઈ રહ્યા છીએ.